# રાજ્યમાં કોરોનાના દૈનિક કેસ ત્રણ હજારને પાર

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૫ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૩૦૦૭૬૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૭૮૭ કેસ

ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૩૧૬૦ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૩૧૬૦ નવા કોરોના કેસ નોંધાયા છે તો બીજી તરફ ૨૦૨૮ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૦,૭૬૫ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૩.૫૨ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૬૭,૬૨,૬૩૮ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૭,૧૦,૧૨૬ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે.

આ પ્રકારે કુલ ૭૨,૭૨,૭૬૪ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારેના કુલ ૨,૭૩,૦૪૧ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨,૭૩,૦૪૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૨૫,૩૪૩ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧૬,૨૫૨ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૬૭ લોકો વેન્ટિલેટર પર છે અને ૧૬,૦૮૫ લોકો સ્ટેબલ છે. ૩,૦૦,૭૬૫ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે.

૪૫૮૧ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૧૫ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરત કોર્પોરેશનમાં ૭, અમદાવાદ કોર્પોરેશનમાં ૬, ભાવનગર અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ વ્યક્તિનાં મોત નિપજ્યાં છે. આ પ્રકારે કોરોનાને કારણે આજે ૧૫ લોકોનાં મોત નિપજ્યાં છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારી સરકાર અને તંત્ર શું કરે છે... ગયા વખત કરતા પણ કોરોનાના કેઈસ વધી ગયા છતાં પણ... થાળી દિવાનું કહેતા નથી અને હજુ રામાયણ - મહાભારત સિરીયલ ચાલુ કરતા નથી...!!

# શહેરમાં ૨૪ કલાક પાણી આપવા માટે ૩૭ હજાર રોપાઓનુ બાળમરણ !!

## પાણીની લાઇન નાંખવા માટે મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યામાં ૨૯૧૫ વૃક્ષોનુ માર્કીંગ કરાયુ : હરિયાળા વૃક્ષોનો સોથ વાળી પાણીની લાઇન નંખાશે : સ્માર્ટ સીટી બેરન બનશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. માર્ગ વાઈડનીંગ અને નવા બિલ્ડીંગો બાંધવા માટે હરિયાળા વૃક્ષોનો સોથ વળી રહ્યો છે. ત્યારે હવે શહેરને ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે પણ ૨૯૧૫ વૃક્ષોની કટોતી થશે એટલુ જ નહીં પરંતુ આ યોજનાને સાકાર કરવા માટે ૩૭ હજાર જેટલા રોપાઓનુ બાળમરણ થશે. હરિયાળુ ગાંધીનગર વિકાસની દોટમાં રણ બની જશે તેવો આક્રોશ પણ પ્રકૃતિ પ્રેમીઓ ઠાલવી રહ્યા છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાનુ આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે. શહેરમાં ૨૪ કલાક પાણી આપવા માટેની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં કામ પણ હાથ ધરાશે. જયારે શહેરને આખો દિવસ અને રાત પાણી આપવાની આ યોજનાના કામ પાછળ હરિયાળીનો સોથ વળી જશે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પાણીની નવી લાઈન નાંખવા માટે સર્વે કરાયો હતો જેના અંતે મુખ્યમાર્ગો આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં અંદાજિત ૨૯૧૫ વૃક્ષોની કટોતી કરાશે આ વૃક્ષોનુ માર્કીંગ પણ કરી દેવાયુ છે. જયારે વાત આટલેથી અટકતી નથી પરંતુ પાણીની લાઈન માટે થોડા સમય અગાઉ જ નવા રોપાયેલા કુમળા રોપાઓનુ પણ બાળમરણ થશે જેમાં ૩૭ હજાર જેટલા રોપાઓનો સમાવેશ થાય છે. શહેરનો સ્માર્ટ બનાવવાની ઉતાવળમાં આમ પણ અત્યાર સુધી સેંકડો વૃક્ષોની કટોતી થઈ છે. માર્ગોને અપગ્રેડ કરવા સહીત સરકારી આવાસો અને નવા બિલ્ડીંગો બાંધવા માટે પણ સંખ્યાબંધ વૃક્ષોનો ભોગ લેવાયો છે. ગ્રીન સીટી હવે સિમેન્ટ કોંક્રીટનુ જંગલ બન્યુ છે.ત્યારે શહેરમાં જાગૃત પર્યાવરણ પ્રેમીઓ પણ સમયાંતર વૃક્ષ બચાવોની ઝુંબેશ ઉપાડી લડત આપે છે. માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન પણ વૃક્ષોની વિશેષ કટોતી થઈ છે. જયારે ચિલોડા સરખેજ હાઈવે પર માર્ગની કામગીરી દરમિયાન પણ હરિયાળીનો સોથ વળ્યો છે. ત્યારે નવા ઉભરતા સ્માર્ટ ગાંધીનગરમાં હરિયાળી લુપ્ત થતી જાય છે. વિકાસનુ બુલડોઝર હરિયાળી પર ફરી વળતા નગર ઉજ્જડ બનવાની દીશા તરફ છે. શહેરમાં ૨૪ કલાક પાણી આપવાની આ યોજના પણ હરિયાળી માટે ખતરારૂપ છે. માર્કીંગ કરાયેલા વૃક્ષો અને નવા રોપાઓનુ પણ બાળ મરણ થશે તો શહેરમાં છવાયેલી આછેરી હરિયાળી પણ અદ્રશ્ય થઈ જશે. ગાંધીનગર રણ બની જશે તેવી દહેશત વ્યકત કરતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ ઘોર આક્રોશ પ્રવર્તયો છે. નગરની મુળ ઓળખ જ હરિયાળા વૃક્ષો છે પરંતુ શહેરને નવો મેકઓવર કરીને સુવિધાયુક્ત બનાવવાની સોહામણી યોજના સાથે કામ કરતા સ્માર્ટ તંત્રને ઉજ્જડ બનવા તરફ આગળ વધતા ગાંધીનગરના બિહામણા દ્રશ્યો હજુ તાદ્રશ્ય થતા નથી તેનો આક્રોશ ચરમસીમાએ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે ૧ હજારથી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આ પૈકી ૧૪૯ જેટલા તેમના ઉત્પાદનનું ટેકાના ભાવે વેચાણ પણ કર્યુ છે.
- માહિતી ખાતાની ભરતી સંબંધિત પરીક્ષાઓ ૧૦મી એપ્રિલના રોજ યોજાશે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦૨૧ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે એક હજારથી વધુ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- માણસા તાલુકાના પારસા ગામે આવેલ કે.આર. પટેલ એન્ડ એચ.એચ પટેલ સાર્વજનિક હાઈસ્કૂલને વર્ષ ૨૦૨૦-૨૧ માં શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી થતાં ગ્રામજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ગ્રામજનોએ આચાર્ય અને તેમની ટીમ પર અભિનંદનની વર્ષા કરી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે આજથી જાહેર પ્રચાર અભિયાનનો આરંભ થયો છે.
- મનપાના ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોએ ગૃહ બેઠકો યોજવાનો આરંભ કરી દીધો છે.

# શહેર કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ પ્રમુખ પદે પ્રદિપસિંહ વાઘેલાને નિયુકત કરાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં શહેર કોંગ્રેસ સમિતિના સંગઠનને સક્રીય અને મજબૂત બનાવવા ગુજરાત પ્રદેસ કોંગ્રેસ સમિતિ દ્વારા કમર કસવામાં આવી રહી છે. શહેરના જાણીતા સામાજિક કાર્યકર તેમજ અગ્રણી કોંગ્રેસી નેતા વિદ્યા લાયબ્રેરીવાળા પ્રદિપસિંહ વાઘેલાને પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમીત ચાવડાએ ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ પ્રમુખ તરીકે નિયુકત કર્યા છે. કોંગ્રેસના અનુભવી અને સમર્પિત આગેવાન પ્રદિપસિંહ પૃથ્વીસિંહ વાઘેલાના શિરે ગાંધીનગર શહેર કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવી તેના કાર્યકરોને સક્રીય કરી મહાનગર પાલિકાની ચુંટણીઓમાં યશસ્વી પ્રદર્શન કરવાની જવાબદારી આપવામાં આવી છે. પ્રદિપસિંહ વાઘેલાને શહેરના અગ્રણી કોંગ્રેસી હોદ્દેદારો તથા નેતાઓ સહિત કાર્યકરોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.



ગાંધીનગરના સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરીથી જાણીતા ૫૧ વર્ષીય પ્રદિપસિંહ વાઘેલા વ્યવસાયે એડવોકેટ છે અને યુનિવર્સિટી કાળથી તેઓ નેતૃત્વ કરવામાં અગ્રેસર રહ્યા છે.

પ્રદિપસિંહ વાઘેલા શહેર કોંગ્રેસ સમિતિમાં મંત્રી અને જિલ્લા યુવક કોગ્રેસ સમિતિમાં મહામંત્રીની જવાબદારી ઉપાડી રહ્યા છે તેમજ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ સમિતિના પ્રદેશ મંત્રી તેમજ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના લીગલ સેલના અધ્યક્ષ તરીકે પણ કાર્યરત રહી ચુકયા છે. તેમના ધર્મપત્નિ રમીલાબેન પ્રદિપસિંહ વાઘેલા વોર્ડનં.૫ના સીટીંગ કોર્પોરેટર છે. આ ઉપરાંત પ્રદિપસિંહ વાઘેલા ગાંધીનગર શહેર રાજપૂત યુવા સમાજના સંગઠન મંત્રી તેમજ ગાંધીનગર રાજપૂત સમાજના મહામંત્રી હોવા સાથે તેમના વતન કલોલ તાલુકાના નવા ગામના યુવક મંડળના પ્રમુખ પણ તે રહી ચુકયા છે. આ સાથે તેઓ અખિલ ભારતીય માનવ અધિકાર સમિતિના અધ્યક્ષપદે પણ સેવાઓ આપી રહ્યા છે.

# ઈન્દ્રોડા પાર્કમાં સફેદ વાઘની જોડીને પાંજરામાં કવોરન્ટાઈન કરાઈ

## રાજકોટથી ઇન્દ્રોડા પાર્કમાં ગૌતમ અને ગોદાવરી નામની સફેદ વાઘની જોડીનુ આગમન : ચુંટણી બાદ પ્રકૃતિ પ્રેમીઓ માટે પાંજરામાં ખુલ્લી મુકાશે : અલગ પાંજરામાં હાલ કેઝકિપર આ વાઘની જોડી પર સતત વોચ રાખી રહ્યો છે

ગાંધીનગર તા ૫

ઈન્દ્રાડા પ્રકૃતિ ઉદ્યાનમાં સફેદ વાઘની જોડીનુ આગમન થઈ ગયુ છે. રાજકોટથી લવાયેલા આ સફેદ વાઘની આંખો વાદળી અને પંજાના નખ ગુલાબી રંગના છે. પ્રકૃતિ ઉદ્યાનમાં આ વાઘની જોડીને અલગ પાંજરામાં રાખવામાં આવી છે. જયારે કેઝકીપર પણ સતત તેમની પર વોચ રાખી રહ્યા છે. રાજકોટથી લવાયેલી આ સફેદ વાઘની જોડી કવોરેન્ટાઈન કરવામાં આવી છે. જો કે હાલ ગાંધીનગરમાં ચુંટણી હોવાના લીધે હાલ આ સફેદ વાઘની જોડી નગરજનો જોઈ શકશે નહીં અલબત્ત ચુંટણી આચારસંહિતના અંતે મંત્રી કે ઉચ્ચ અધિકારી દ્વારા આ સફેદ વાઘની જોડીને મુલાકાતીઓ માટે પાંજરામાં ખુલ્લી મુકવામાં આવશે.

ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં પ્રતિવર્ષ સેંકડો મુલાકાતીઓ આવે છે. જયારે અગાઉ ઈન્દ્રોડા પાર્કમાં સિંહની જોડી પણ લાવવામાં આવી હતી. ઈન્દ્રોડા પાર્ક



આમ પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. જયારે હાલ પાર્કમાં દિપડા અને શિયાળ સહીતના અન્ય પ્રાણીઓ પણ છે. ત્યારે હવે રાજકોટથી સફેદ વાઘની જોડી ગૌતમ અને ગોદાવરી પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. જો કે હાલ આ બન્ને સફેદ વાઘને હાલ કવોરન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજકોટના ઝુમાંથી આવેલા આ સફેદ વાઘની આંખો વાદળી રંગની તેમજ પંજાના નખ ગુલાબી રંગના છે. આ વાઘની જોડીને હાલ અલગ પાંજરામાં રાખવામાં આવી છે. જયારે અનુભવી કેઝકિપર તેની પર સતત વોચ રાખે છે. આ સફેદ વાઘની જોડીને ગાંધીનગરનુ વાતાવરણ માફક આવે છે કે કેમ તેમજ કોઈ તકલીફ પેડ છે કે નહી તે અંગે પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. દિપડા, વાઘ ને સિંહ ને અગાઉ જયાં હાથી રાખવામાં આવતો હતો તેની પાછળના ભાગમાં ટાપુ પ્રકારના ત્રણ મોટા પાંજરા બનાવવામાં આવ્યા છે. આ ઠેકાણે વાઘ સિંહ અને દિપડાની જોડીને રાખવામાં આવશે. જેના લીધે મુલાકાતીઓ પણ ઉપરના ભાગેથી યોગ્ય રીતે નિહાળી શકશે. ગાંધીનગરમાં હાલ કોર્પોરેશનની ચુંટણીલક્ષી કામગીરીનો ધમધમાટ છે. ત્યારે ચુંટણી પુર્ણ થયા બાદ આચારસંહિતા હળવી થતા કોઈ નેતા કે ઉચ્ચ અધિકારી સફેદ વાઘની જોડી ઈન્દ્રોડા પાર્કમાં મુલાકાતીઓ માટે પાંજરામાં ખુલ્લી મુકશે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રિપુરામાં ૧૬ ચિકિત્સા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૪ દિવસ સુધી ત્યાંજ રહીને ૧૬ ગામોમાં ચિકિત્સા શિબિર યોજી ૧૧૭૬ દર્દીને તપાસી દવા આપી હતી. લાલજુરી, મલાકાર બસ્તી, તુઈસમા, ગમસરપુરા, લક્ષ્મીપુર, પ્રભારામપુરા વિગેરે ગામો આવરી લઈ કુલ ૧૯૧ લાભાર્થીને ચશ્મા આપ્યા હતા. ત્યાનાં સ્થાનિક કાર્યકર્તાને તુલસીની માલા અને ૨૦૩ બહેનોને બીન્દીના પેકેટ આપ્યા. મિલિંદ ગુપ્તે, ડૉ. ચીતાણીયા ડૉ. બોઘાણી અને ભીમજી ગામેતી ઉત્તર ત્રિપુરાના કાંચીપુરમ વિસ્તારમાં રહી કાર્ય પાર પાડ્યુ હતુ.

# કોરોનાની આચારસંહિતાનું પાલન કરી નાગરીક ધર્મ બજાવીએ

સ્થિતિ ગંભીર બની રહી છે... દેશ રાજ્યની સાથોસાથ ગાંધીનગર પણ કોરોનામાં ખતરનાક રીતે સપડાયું છે. રોજેરોજ વધતી જતી કેસની સંખ્યા ચિંતાજનક સ્થિતિની નિર્માણ થયું છે. શહેરની ખાનગી હોસ્પિટલો કોરોના દર્દીઓથી ભરાઈ ચુકી છે જ્યારે સિવિલ હોસ્પિટલમાં ૩૦૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ૧૦૦ થી વધારેને ઓક્સિજનનો સપોર્ટ અપાઈ રહ્યો છે. આ બધાજ આંકડા કોઈપણ સંવેદનશીલ નાગરીકના હદયને હચમચાવે તેવા છે. હવે શું થશે..?! હવે શું થશે એની ચિંતા પણ વ્યાપક છે અને ચર્ચા તો હોય જ..!!

**સમયસર**

પણ હા..! બેદરકારીમાં કેટલો ફરક આવ્યો..?! માસ્ક વિના ફરનારાઓની સંખ્યા ઘટી ખરી..?! ચોરે ને ચૌટે એકઠા થતાં ટોળાઓ ઘટ્યા છે..?! જો આ બધાના જવાબ ના હોય તો આપણે એવું માની શકીએ કે હજુ સમાજ ગંભીર બન્યો નથી..! હજુ પણ પોલીસને દર ચાર રસ્તે માસ્કનો દંડ ઉઘરાવવા ઉભું જ રહેવું પડે છે..! ચાની કીટલીઓ પર ભીડ વિખેરવા પોલીસે ડંડા ખખડાવવા પડે છે અને રાત્રે અવર-જવર અટકાવવા કડક નિયંત્રણો લાદવા પડે છે અને આ જ દર્શાવે છે કે હજુ આપણે ગંભીર બન્યા નથી..! લોકડાઉન કે કરફ્યુ લગાવે ત્યારે જ કોરોનાની આચારસંહિતા યાદ આવશે..?! ત્યારે જ શિસ્ત અને સંયમના પાઠ વાંચીશુ..!?! અને ત્યારે જ આપણો નાગરીક ધર્મ આપણને સંવેદનશીલ બનાવશે..!

સાહેબ..! આજકાલ કરતાં ૧૩-૧૩ મહિનાના વ્હાણા વાયા. આપણે થાક્યા છીએ કોરોના હજી થાક્યો નથી. એનો અર્થ એવો થાય કે આપણે કોરોના સાથે જીવવાનું શીખી લેવું પડશે. અગત્યના કામ સિવાય આંટાફેરા મારવાનું ટાળવું પડશે. માસ્કને હવે કાયમી પહેરવેશમાં સ્થાન આપવું પડશે..! અને ટોળામાં ક્યારેય નહીં જોડાવાની સભાનતા કેળવવી પડશે..! આ નાની લાગણી પણ કોરોના સામે જીતવાની ગુરૂ ચાવી છે..! કોરોનાને સહજ લેવાની જરૂર નથી..! અને એટલા બધા ગંભીર પણ બનવાની જરૂર નથી..! જરૂર છે માત્ર સતર્કતાની... હજુ એક-બે મહિના ખુબ જ કડકાઈથી કોવિડ આચારસંહિતાનું પાલન ખુબજ આનિવાર્ય છે. માત્ર દેશહિત કે સમાજહિત માટે નહિ પણ પોતાના હિત માટે પણ કોવિડ આચારસંહિતાનું પાલન કરીએ અને કોરોના સામેના જંગ જીતી બતાવીએ.

# રોગપ્રતિકારક શક્તિ માટે પોષણયુક્ત આહાર જરૂરી

## રાંધેજા ખાતે વિદ્યાપીઠના અધ્યન કેન્દ્રમાં સંપોષિત જીવનશૈલી અંગે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા ખાતેના ગ્રામીણ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર ખાતે ''સંપોષિત જીવનશૈલી માટે પોષણ અને જમવાની આદતો'' વિષયે પરિસંવાદ યોજાયો હતો જે ગ્રામ્ય વ્યવસ્થાપન કેન્દ્ર તથા મહાદેવ દેસાઈ મહાવિદ્યાલય તેમજ આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદના મુખ્ય વક્તા ડૉ. ધર્મેશ પટેલે સંતુલિત પોષક આહાર વિષયે વાત કરતા જણાવ્યું હતું કે 'રોગપ્રતિકારક શક્તિ માટે પોષણયુક્ત આહારની જરૂર છે.' આ સાથે તેમણે પોષણયુક્ત તત્વો વિશે ચર્ચા કરી અને શું ખાધુ તથા શું ન ખાવું તેની સમજ આપી હતી.

પરિસંવાદના અન્ય વક્તા ડૉ. શેતલ બડોદિયાએ 'સંપોષિત જીવનશૈલી પ્રેરિત જમવાની આદતો' વિષયે વાત કરતા કહ્યું કે 'ખાવાની આદતો તથા જનરેશન ગેપથી ઘણા રોગ થતાં હોય છે' તેમણે અનાજ, તેલ, વાસણો તેમજ સીઝનલ ખોરાક અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ભારત સરકારના ક્ષેત્રીય નિયામક ગિરધરભાઈ ઉપાધ્યાય અને એનએસએસ સંયોજક ડૉ. અરૂણભાઈ ગાંધીએ પણ સંબોધન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંકુલના ડાયરેક્ટર ડૉ. રાજીવ પટેલના માર્ગદર્શનથી પ્રોગ્રામ અધિકારી ડૉ. લોકેશ જૈન અને ડૉ. હસમુખ પંચાલે સંચાલન કર્યુ હતુ જેમાં સમાપને વિદ્યાર્થીઓના સવાલોના જવાબ અપાયા હતા.



**રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લેતા ભારત સ્થિત સિંગાપુરના હાઈકમિશનર અને પ્રતિનિધિમંડળ**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ગાંધીનગર ખાતે નવી દિલ્હી સ્થિત સિંગાપુર દેશના ભારત ખાતેના હાઈ કમિશનર શ્રીયુત સાયમન વોંગ તેમજ સિંગાપુર ગણરાજ્યના મુંબઈ સ્થિત મહાવાણિજ્ય દૂત શ્રીયુત ગાવિન યાય અને પ્રતિનિધિમંડળ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ દેશ અને રાજ્યના વિકાસમાં સિંગાપુર દેશના સહયોગ માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ હાઈ કમિશનરશ્રીને સ્મૃતિ ભેટ પણ અર્પણ કરી હતી.

# ઝાયડસ કેડિલાએ કોરોના માટે દવાના ઉપયોગની મંજુરી માગી

## પેગીલેટેડ ઈન્ટરફેરોન અલ્ફા-૨બીની ત્રીજા ચરણના ક્લીનિકલ ટ્રાયલમાં આ દવા વડે સારા પરિણામ મળ્યાનો કંપનીનો દાવો

અમદાવાદ, તા. ૫

ભારત અને અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાનું સંક્રમણ ફરીથી ખૂબ જ ઝડપથી વ્યાપી રહ્યું છે. કોરોના વિરૂદ્ધ વેક્સિનેશન અભિયાન પૂરજોશમાં ચાલુ છે અને તે સિવાય અનેક પ્રકારની દવાઓ પણ શોધવામાં આવી રહી છે. ત્યારે દવા બનાવતી પ્રખ્યાત કંપની ઝાયડસ કેડિલાએ ડીસીજીઆઈ પાસે હિપેટાઈટીસની એક દવાનો કોરોનાની સારવારમાં ઉપયોગ કરવા મંજૂરી માંગી છે. આ દવાનું નામ પેગીલેટેડ ઈન્ટરફેરોન અલ્ફા-૨બી છે. ઝાયડસ કેડિલાના કહેવા પ્રમાણે પેગીલેટેડ ઈન્ટરફેરોન અલ્ફા-૨બીની ત્રીજા તબક્કાની ક્લીનિકલ ટ્રાયલમાં આ દવા વડે કોરોનાની સારવારમાં ઉત્સાહજનક પરિણામ મળ્યા છે. હકીકતે કંપની આ દવાને 'પેગીહેપ' બ્રાન્ડના નામથી વેચે છે. કંપનીએ જણાવ્યું કે, શરૂઆતમાં જ આ દવાનો ઉપયોગ કરવામાં આવે તો દર્દી સંક્રમણમાંથી ખૂબ ઝડપથી બહાર આવે છે અને તેમને કોઈ મુશ્કેલી પણ નથી પડતી.

ગત વર્ષે ચીન, ઓસ્ટ્રેલિયા અને કેનેડા યુનિવર્સિટીના એક જૂથે વુહાનમાં કોરોના દર્દીઓનો અભ્યાસ કર્યો હતો. તેમાં જે લોકોને ઈન્ટરફેરોન અલ્ફા-૨બી દવા આપવામાં આવી હતી તેમનામાં વાયરસ ફેલાવાના સમયમાં ખૂબ ઘટાડો નોંધાયો હોવાનું સામે આવ્યું હતું.

# ગાંધીનગર મહાનગરપાલિકા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા મંગળવારે સંકલ્પ પત્ર જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ સંકલ્પપત્રની ઘોષણા આજે પ્રદેશ આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. ગાંધીનગર નજીક એક હોટલમાં આ અંગેનો કાર્યક્રમ યોજાશે. સતત ત્રીજી સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા અલાયદું ચૂંટણી સંકલ્પપત્ર જારી કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૮મી એપ્રિલે ચૂંટણી યોજાનાર છે. શહેર કોંગ્રેસ સમિતિએ આ સંકલ્પપત્ર તૈયાર કરવા માટે શહેરના ૬ આગેવાનો અને પ્રદેશના આગેવાનોની સમિતિની રચના કરી હતી.

# ખલીલ ધનતેજવીને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની શ્રધ્ધાંજલી

ગાંધીનગર, તા. ૫

એક ઉમદા શાયર, કવિ, લેખક, પત્રકાર અને જેમની ગઝલોમાં જેટલી ઉર્દુ ખીલતી હતી તેટલી જ ગુજરાતી પણ મધમધતી હતી તેવા સમર્થ પત્રકાર ખલીલ ધનતેજવીના અવસાન બદલ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉંડા શોક અને દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. તેમને શ્રદ્ધાંજલી આપતા ચુડાસમાએ જણાવ્યું છે કે ખલીલ ધનતેજવી નિડર અને હિંમતવાન લેખક હતાં એક પત્રકાર અને કોલમીસ્ટ તરીકે તેમની શૈલી કોઈપણ વાચકને આકર્ષે તેવી હતી અને હું પણ તેમનો નિયમિત વાચક અને ચાહક રહ્યો હતો.